# સમયચક્રના આધારે કરો રાગ આરાધના ભાગ-૫



**સા..રે..ગ..મ..**
**(અંક ૧૦૩)**

મિત્રો, સંધિપ્રકાશ રાગો પછી તીવ્ર મધ્યમવાળા રાગો આવશે. રાગ યમન કલ્યાણ બિહાગ, કેદાર તો આજે જાણીએ રાગ યમન (કલ્યાણ) વિષે....

**રાગ જ્ઞાન**

રાગ - યમન (કલ્યાણ)

**શાસ્ત્ર-માહિતી**



| | |
|---|---|
| કોમળતીવ્ર | - મધ્યમ તીવ્ર |
| વર્જિત | -નથી |
| જાતિ | -સંપૂર્ણ-સંપૂર્ણ |
| વાદી | -ગંધાર |
| સંવાદી | - નિષાદ |
| પ્રકૃતિરસ | - શાંત અને શૃંગાર |
| ગાવાનો સમય | - રાત્રીનો પ્રથમ પ્રહર |
| થાટ | - કલ્યાણ |
| આરોહ | - ની રે ગ મ ધ ની સાં |
| અવરોહ | - સાં ની ધ પ મ ગ રે સા |
| પકડ | - પરે, ગ રે. ની રે સા |

**વિશેષ નોંધઃ**

- રાગ યમનમાં છોટા ખ્યાલ, બડા ખ્યાલ, ધ્રુપદ, ભજન, તરાના ગાવા અને વગાડવામાં આવે છે.
- યમન એ ફારસી શબ્દ છે.
- યમનમાં જો શુદ્ધ મધ્યમ ઉમેરવામાં આવે ની રે ગ મ, પ મ ગ, મ ગ રે, ની રે સા તો તે યમન-કલ્યાણ રાગ બને છે.
- કલ્યાણના ઘણા પ્રકાર છે.જેવા કે શુદ્ધ કલ્યાણ, ગોરખ કલ્યાણ,

સાવની કલ્યાણ, પૂરીયા કલ્યાણ, જૈત કલ્યાણ વગેરે.

- યમન રાગમાં ની રે અને પરે આ સ્વરસમૂહનો વારંવાર ઉપયોગ કરવામાં આવે છે.
- આ રાગનું ચલન ત્રણે સપ્તકમાં જોવા મળે છે.
- સા રે ગ પ અને ની ન્યાસ સ્વર છે.
- નજીકનો રાગ યમન-કલ્યાણ છે.

યમન રાગના **Group** પછી આપ ચક્રમાં જોઈ શકશો કે રામ દરબારી કાનડા, બાગેશ્રી, કાઠી રાગોનો સમુહ આવે છે.

જે શાંત તથા શૃંગાર રસ ઉત્પન્ન કરે છે. જમ્યા બાદ રીલેક્ષ રસ થઈ અને આરામથી સુઈ શકવા માટે આ રાગો ખુબ ઉપયોગી છે.

ત્યારબાદ માલકૌંસ બહાર, અડાણા જેવા રાગો, જેમાં કોમળ ગંધાર, ધૈવત નિષાદનો ઉપયોગ કરવામાં આવે છે. રાગ બહાર કે જેમાં કોમળ ગ અને કોમળ નિષાદનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે બસંત ઋતુમાં પણ ઋતુરાગ તરીકે ગવાય છે. જેમ કે મલ્હાર રાગના બધા જ પ્રકારો વર્ષાઋતુમાં કોઈ પણ સમયે ગાઈ શકાય છે.

તો મિત્રો રાગ બહારની જાણકારી મેળવીએ.

**રાગ-બહાર**

**શાસ્ત્ર-માહિતી**

| | |
|---|---|
| કોમળતીવ્ર | - ગંધાર કોમળ અને બે નિષાદ |
| વર્જિત | - આરોહમાં રીષભ, અવરોહમાં ધૈવત |
| જાતિ | - ષાડવ - ષાડવ |
| વાદી | - મધ્યમ |
| સંવાદી | - ષડ્જ |
| ગાવાનો સમય | - રાત્રીનો બીજો પ્રહર |
| પ્રકૃતિરસ | - શૃંગાર |
| થાટ | - કાફી |
| આરોહ | - સા મ, મ પ ગ્ મ. મની ધની સાં |
| અવરોહ | - સાં ની ધ ની પ. મ પ ગ.ગ્ મ રે સા |
| પકડ | - મપગ્. મની ધનીપ.મપ ગ્ મ રે સા |

**વિશેષ નોંધ :-**

૧. રાગ બહારમાં કોમળ નિષાદ અને શુદ્ધ નિષાદનો ઉપયોગ ની ધ ની સાં. સ્વરસમુહ લઈને કરવામાં આવે છે.
૨. રાગ બહાર ઉત્તરાંગ પ્રધાન રાગ છે તેથી તેનું ચલન મધ્ય અને તાર સપ્તકમાં છે.
૩. આ ઋતુ રાગ છે. વસંતઋતુમાં કોઇ પણ સમયે આ રાગ ગાઈ શકાય છે.
૪. આ રાગમાં ધ્રુપદ ધમાર અને ખ્યાલ ગાવામાં આવે છે.

**રાગ - બહાર**

**મધ્યલય છોટા ખ્યાલ (તાલ-ત્રિતાલ)**

ફૂલવાલે કંથ મેં કા બસંત,
ગડવા મોલ લે દે રે ।
અતર પિયા સો યૂં જા કહીયો તન કસો
બિરવા મોલ લે દેરે ॥

સ્થાયી

| X | ૨ | ૦ | ૩ |
|---|---|---|---|
| | | સાં | ની સાં ની રેંસાં |
| | | ફૂ | લ વા ઽ લેઽ |
| ની ધ ની પ | ગ મ ધની સાં | ની ધ ની સાં | ની સાં ની રેંસાં |
| ક ઽ ઽ થ | મેં ઽ કાઽ ઽ | બ સં ત ફૂ | લ વા ઽ લેઽ |
| ની ધ ની પ | ગ મ ધની સાં | ની ધ ની પ | મપ નીપ ગ મ |
| ક ઽ ઽ થ | મેં ઽ કાઽ ઽ | બ સં ઽ ત | ગઽ ડઽ વા ઽ |
| - ની ધ ની | સાં - નીસાં રેંસાં | ની ધ ની | |
| ઽ મો ઽ લ | લે ઽ દેઽ ઽઽ | રે ઽ-ઽ | |

અંતરા

| X | ૨ | ૦ | ૩ |
|---|---|---|---|
| | | મ ની ધ ની | સાં ની સાં - |
| | | અ ત ર પિ | યા ઽ સો ઽ |
| ની સાં ગ ગ઼મં | રેં રેં સાં - | મ ની ધ ની | સાં ની સાં - |
| યૂં ઽ જા ઽઽ | ક હી યો ઽ | ત ન ક સો | બિ ર વા ઽ |
| - સાં - ની | સાં- ધની સાંરેં | ગંરેં સાંની | સાં |
| ઽ મો ઽ લ | લે ઽ દેઽ ઽઽ | ઽઽ ઽઽ | રે |


**પ્રાપ્તિ સ્થાનઃ-**

- **રાજકોટ**

પ્રવિણ પુસ્તક ભંડાર-
મ્યુનિસીપલ માર્કેટની સામે

- **અમદાવાદ**

**આરાધના સંગીત એકેડમી,**
**શર્મા મ્યુઝીકલ સ્ટોર, ક્રોસવર્ડ,**



**આરાધના સંગીત એકેડમી**

**ડો. મોનીકા હિતેન શાહ**

૭, સુરેન્દ્ર મંગળદાસ કમ્પાઉન્ડ, પંજાબ નેશનલ બેંકની બાજુમાં, નહેરૂનગર ચાર રસ્તા, સેટેલાઇટ રોડ, આંબાવાડી,
અમદાવાદ - ૩૮૦૦૧૫. મો. ૯૮૯૮૦ ૬૯૩૫૦,
ઇ-મેઇલ એડ્રેસ :
**drmonicashah@ yahoo.com**



**પદ્ધતિસરનું સંગીત શીખો**

**સંગીત આરાધના ભાગ ૧, ૨, ૩, ૪, કિંમત-૩૪૦/+પોસ્ટેજ ખર્ચ**

- આરાધના ફાઉન્ડેશનના મેમ્બર બની પ્રતિવર્ષ આરાધના એકેડમી દ્વારા બહાર પડતી સી.ડી. મેળવો આ જીવન સભ્ય ફી-૫૦૦૦/-રૂા.
- આરાધના લિસન્ર્સ કલબના સભ્ય બની પ્રતિમાસ ભારત તથા વિદેશમાંથી આવતા શાસ્ત્રીય સંગીતના કલાકારોને માણો. આજીવનસભ્ય ફી-૫૦૦૦/- રૂા.
- બહાર પડેલ નવી સી.ડી.''આરાધના'' રાગ-જોગ તથા રાગ-નંદને માણો કિંમત - ૧૦૦/-રૂા. (ઉપરાંત સ્થળે ઉપલબધ છે)